ગાંધીનગર સમાચાર

**મોયેલા ઘઉં ખાવાથી ૧૦ના અંગ જકડાઈ ગયા**



(તસવીર : દિપક જાની)

ગૌ-પૂજન - શ્રાવણ વદ-૪ અંગારિકા ચોથ અને મંગળવાર ગાય માતાના પૂજન દ્વારા પૂણ્ય પ્રાપ્તિનો મહિમા ભારતીય પરંપરામાં વર્ણવાયો છે... ગ્રામીણ સંસ્કૃતિમાં ગાયને અનેક રીતે પૂજ્ય ગણાવાઈ છે... શુભ પ્રસંગોએ ગૌ-માતાનું પૂજન-અર્ચન થાય છે... અને સાથોસાથ ગાયના સામે મળવાની ઘટનાને શુકન માનવામાં આવે છે... મંગળવારની અંગારિકા ચોથની પાવન પ્રભાતે ગાંધીનગરમાં પણ અનેક સ્થાનો પર ગૌ-પૂજન કરાયું હતું.

# શહેરમાં માર્ગોના રીસરફેસીંગ માટે મનપાએ માર્ગ મકાન વિભાગને રૂ ૧ ૨ કરોડ ફાળવ્યા

ગાંધીનગર તા ૧

ગાંધીનગર શહેરના રસ્તાના રીસરફેસીંગના કામો માટે કોર્પોરેશનને માર્ગ મકાન વિભાગને રૂપિયા ૧ ૨ કરોડની ફાળવણી કરી છે. જેને અનુલક્ષી ટુંકમાં શહેરના વિવિધ રસ્તાઓના નવિનીકરણનુ કામ હાથ ધરાશે. આ દરમિયાન નગરના મુખ્ય ઘ માર્ગ તેમજ છ માર્ગનુ કામ પણ હાથ ધરવામાં આવશે.

## ચાલુ મહિનાના અંતમાં વિવિધ રસ્તાના કામો શરૂ કરી દેવાશે

ગાંધીનગરમાં રોડ નેટવર્ક પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. શહેરનુ રોડ નેટવર્ક ચકાચક રાખવા અલબત્ત તેની જાળવણી પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. શહેરના રસ્તાઓની જાળવણીનુ કામ ખર્ચાળ હોવાથી રસ્તાના કામો તબક્કાવાર હાથ ધરવામાં આવી રહયા છે.શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટ દ્વારા નગરના માર્ગોની સુધારણા તેમજ બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે હજુ નગરના મુખ્ય ઘ માર્ગ ઉપરાંત સેકટરોના આંતરિક રસ્તાઓની સુધારણાના કામો બાકી છે.જયારે આ કામગીરીને અનુલક્ષીને તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે. બીજીતરફ અગાઉ સરકાર દ્વારા કોર્પોરેશનને પણ નગરના રસ્તાઓની સુધારણા માટે રૂ. ૨૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. જયારે કોર્પોરેશને આ પૈકી રૂ.૧ ૨ કરોડ માર્ગ મકાન વિભાગને ફાળવ્યા છે. નગરના વિવિધ રસ્તાના કામો માટે આ રકમ ખર્ચવામાં આવશે. કોર્પોરેશનની આ રકમમાંથી નગરના મુખ્ય ઘ માર્ગ તેમજ છ માર્ગનુ કામ પણ હાથ ધરવામાં આવશે. જયારે આ ઉપરાંત સચિવાલય પાછળ ગેટનં-૨ અને ૩ થી જ માર્ગને જોડતા

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં ૨૮૧૦ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં વિદ્યાર્થી જ નથી

અમદાવાદ, તા.૧

ગુજરાતમાં શિક્ષણ સ્તર કથળી રહ્યું છે ત્યારે શિક્ષણ પ્રત્યે જવાબદાર સંસ્થાઓની ગંભીર બેદરકારી સામે આવી છે. રાજયમાં કુલ ૨૮૧૦ જેટલી શાળાઓમાં એક પણ વિદ્યાર્થી અભ્યાસ કરતો નથી. એટલે કે આ શાળાઓ બંધ હાલતમાં છે છતાં શિક્ષણ બોર્ડ દ્વારા આ શાળાઓની મંજૂરી રદ કરવામાં આવી નથી. ત્યારે હવે મોડે મોડે જાગેલ શિક્ષણ બોર્ડ આવી શાળાઓની તપાસ કરી તેમની માન્યતા રદ કરવાનો નિર્ણય કર્યો છે.

## મનપા વિપક્ષના નેતા પદે શૈલેન્દ્રસિંહ બિહોલા નિમાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકામાં કોંગ્રેસ પક્ષના નેતા તરીકે શ્રી શૈલેન્દ્રસિંહ



બિહોલાની આજે વિધિવત્ ઘોષણા કરી દેવાઈ છે.

મહાનગરપાલિકામાં કોંગ્રેસે તેના ત્રણ સભ્યોને પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા બાદ તે વિપક્ષની ભૂમિકામાં છે. હવે વિપક્ષના નેતા તરીકે શ્રી બિહોલાની વરણી થઈ છે.

શ્રી બિહોલા તેમના આ નવા હોદ્દાનો ચાર્જ આગામી દિવસોમાં સંભાળી લેશે. કોંગ્રેસ પક્ષના કાઉન્સીલરોની તાજેતરમાં નિરીક્ષકોની હાજરીમાં બેઠક મળી હતી અને જેમાં પક્ષના સભ્યોના મન જાણી પ્રદેશ સમિતિને અહેવાલ આપવામાં આવ્યો હતો.

ગુજરાત કોંગ્રેસના સંગઠનને જોમવંતુ, સક્રિય અને અસરકારક બનાવી પ્રજામાનસમાં કોંગ્રેસ પક્ષ પ્રત્યે આદરની લાગણી ઉભી થાય તે માટે કોંગ્રેસ પક્ષમાં સંગઠનમાં ધરખમ ફેરફારો ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા દ્વારા સંયુક્ત પ્રયાસો આદરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે ગાંધીનગર શહેર/જિલ્લા કોંગ્રેસમાં નવા પ્રમુખો નિમેલા છે. તદ્ઉપરાંત આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકા કોંગ્રેસ પક્ષના નેતા

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં લાંબા સમયના અંતે આજથી વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવશે

ગાંધીનગર તા ૧

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણાં સમયથી વૃક્ષોને ટ્રીમીંગ કરવામાં આવ્યુ નથી જેના પરિણામે આમ નાગરિકોને પણ નમી પડેલી વૃક્ષોની ડાળીઓ આડશરૂપ બની છે. જયારે લાંબા સમયના અંતે વન વિભાગ દ્વારા વૃક્ષોનુ ટ્રીમીંગ કરવા માટે આયોજન કરી દેવાયુ છે. આજથી નગરમાં વિવિધ માર્ગો પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવશે. શહેરના ચ માર્ગ પરથી કામ શરૂ કરવામાં આવશે.

### નમી પડેલી વૃક્ષોની ડાળીઓ નગરજનો માટે અવરાધરૂપ : સાઈન બોર્ડ અને સ્ટ્રીટ લાઈટના પોલ આડે પણ વૃક્ષોની ડાળીઓ ફેલાયેલી છે

વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા નગરના માર્ગો આસપાસ પણ વૃક્ષોની કતાર જોવા મળે છે. મુખ્ય માર્ગો સહિત સકટરોના આંતરિક માર્ગો પણ વૃક્ષોથી ઘેરાયેલા છે. ગત જુલાઇ મહિનામાં આવેલા તોફાની વરસાદના લીધે નગરમાં સેકડો વૃક્ષો જમીનદોસ્ત થતા નગરના જનજીવનને પણ માંઠી અસર થવા પામી હતી. જયારે આ તબક્કે શહેરના માર્ગો આસપાસ સ્થિત વૃક્ષોનુ ટ્રીમીંગ ન કરવામાં આવ્યુ હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો હતો ટ્રીમીંગની કામગીરીના અભાવે વૃક્ષો જમીનદોસ્ત થયા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો હતો. લાંબા સમયથી વૃક્ષોનુ ટ્રીમીંગ ન થયુ હોવાનો નગરજનોમાં આક્રોશ ઉદભવ્યો હતો. વૃક્ષોનુ ટ્રીમીંગ ન થતા નગરના મુખ્ય માર્ગો પર સ્થિત સાઈન બોર્ડ પણ રાહદારીઓને દેખાતા ન હોવાની ફરિયાદો ઉદભવી છે. જયારે માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં રોપાઓ વિસ્તરતા વાહનચાલકોને પણ વિઝન ન મળતુ હોવાનો આક્રોશ સેવાઈ રહયો છે. જેના પરિણામે નગરજનોમાં વૃક્ષોનુ ટ્રીમીંગ થાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી હતી. વન તંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ વિભાગ દ્વારા નગરના વિવિધ માર્ગોની આસપાસના વૃક્ષોના ટ્રીમીંગ માટે આયાજન કરી દેવામાં આવ્યુ છે. બુધવારથી વૃક્ષોનુ ટ્રીમીંગ શરૂ કરી દેવાશે. વન તંત્ર દ્વારા પ્રથમ ચ માર્ગ પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવશે. ત્યારબાદ શહેરના અન્ય રસ્તાઓ તેમજ આંતરિક વિસ્તારોને પણ આવરી લેવામાં આવશે.



**શિમલાના સફરજન પાટનગરમાં** - ગાંધીનગરના માર્ગો પર આજકાલ લાલચટાક સફરજન જોવા મળે છે... આપણા શરીર શાસ્ત્રમાં સફરજનનું ખુબ મહત્વ છે... પશ્ચિમના દેશોની જાણીતી ઉક્તિ 'એન એપલ એ ડે - કીપ અ ડૉક્ટર અવે' અર્થાત નિયમિત સફરજન ખવાય તો શરીરના મોટાભાગના રોગો સામે રોગપ્રતિકારક શક્તિનો વિકાસ સફરજનના માધ્યમથી થાય છે... બારે માસ સફરજનનો મહિમા અકબંધ રહે છે... ઉત્તર ભારતમાં અને વિશેષ કરીને કાશ્મીર અને શિમલામાં સફરજનનું ઉત્પાદન વ્યાપક પ્રમાણમાં થાય છે... ખાસ કરીને કાશ્મીરી અને શિમલાના સફરજનો આરોગ્યપ્રદ હોવાની માન્યતા પ્રવર્તમાન છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## કૃષિ મહોત્સવની શ્રેષ્ઠ કામગીરી માટે ડી.બી. ઝાલાનું સન્માન કરાયું



ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર તાલુકામાં કૃષિ મહોત્સવ દરમ્યાન સર્વોત્તમ કામગીરી કરનાર પેથાપુર સેજાના ગ્રામસેવક ડી.બી. ઝાલાનું આજે તાલુકા પંચાયતની સામાન્ય સભાને અંતે ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી ઝાલાને પ્રશસ્તિપત્ર તેમજ રૂ. ૫૦૦૦નું પારિતોષિક આપવામાં આવ્યું હતું. જિલ્લામાં અને તાલુકામાં પહેલીવાર કૃષિ મહોત્સવ દરમ્યાનની કામગીરીને બિરદાવવામાં આવતાં કૃષિ તંત્રમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

## દહેગામના ધારીસણામાં મોયેલા ઘઉં ખાવાથી ૧૦ના અંગ જકડાઈ ગયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ધારીસણા ગામે મોયેલા ઘઉં ખાતાં ૧૦ વ્યક્તીઓના અંગ ઝકડાઈ જવાની નવી ઘટના પ્રકાશમાં આવતાં આરોગ્યતંત્રની ટીમ ત્યાં દોડી છે.

### આરોગ્યતંત્ર અને ખોરાક ઔષધ નિયમન તંત્રની ટીમો ત્યાં પહોંચી : સર્વેલન્સ કરાયુ

મળતી વિગતો પ્રમાણે ઘઉંનો નમૂનો ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ લઈ અને આગળની તપાસ માટે મોકલી આવેલ છે.

થોડાક સમય પૂર્વે દિવેલથી મોયેલા ઘઉંને લઈ દહેગામમાં અંગ ઝકડાઈ જવાની ઘટના બની હતી. હવે ધારીસણામાં આવી ઘટના પ્રકાશમાં આવતાં જ તંત્રની ઉચ્ચસ્તરીય ટીમ દહેગામ પહોંચી હતી.

ધારીસણાના સૈયદ અબુમિયાના પરિવારના સભ્યોના અંગ પકડાઈ જવા પામ્યા છે. ધારીસણામાં ૧૦ વ્યક્તીઓને આની અસર જોવા મળી છે. આ બધીજ વ્યક્તીઓએ પહેલા સરકારી દવાખાના ત્યારબાદ ખાનગી હોસ્પિટલ અને છેલ્લે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આજે આ ઘટના પ્રકાશમાં આવતાં જ જિલ્લાના આરોગ્યતંત્રની ઉચ્ચસ્તરીય ટીમ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. જયેશ સોલંકીના વડપણ હેઠળ, એપીડોમોલોજીસ્ટ, ડીસ્ટ્રીક્ટ સેનેટરી ઈન્સ્પેક્ટરની ટીમ ગઈ હતી. જેણે આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ શરૂ કર્યું છે.

પ્રાથમિક તબક્કે આ રોગચાળા પાછળ દિવેલ જવાબદાર હોવાનું જણાઈ રહેલ છે. તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી હાલ ચાલી રહી છે. મોડી સાંજે ત્યાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમ પણ પહોંચી હતી અને તેણે મોયેલા ઘઉંના નમૂના લઈ ચકાસણી માટે મોકલ્યાના અહેવાલો છે.

## કેપિટલ સ્ટેશનમાં મુસાફરોની સુવિધા માટે વસાહત મહામંડળે વ્હીલ ચેર અર્પણ કરી

ગાંધીનગર તા ૧

ગાંધીનગર શહેર વસાહત



મહામંડળ દ્વારા નગરના કેપીટલ રેલ્વે સ્ટેશન ખાતે સ્ટેશન પર આવતા સિનિયર સિટીઝન્સ તેમજ શારીરીક વિક્લાંગતા ધરાવતા મુસાફરોની સેવા માટે વ્હીલ ચેર અર્પણ કરવામાં આવી હતી. અગાઉની વ્હીલચેર તુટી જતા મહામંડળ દ્વારા આજે નવી વ્હીલચેર મુકવામાં આવી હતી.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચના જણાંવ્યા મુજબ કેપિટલ સ્ટેશન પર વર્ષ ૨૦૦૬માં મુસાફરોને સુવિધા પુરી પાડવા વ્હીલ ચેર મુકવામાં આવી હતી. પ્લેટફોર્મથી ટ્રેઈનની બોગી સુધી પહોચવા માટે મુસાફરોને પારવાર હાલાકી ભોગવવી પડતી હતી જેને ધ્યાને લઈ આ વ્યવસ્થા ગોઠવવા મહામંડળ દ્વારા સહયોગ પુરો પાડવામાં આવ્યો હતો.

પરંતુ વ્હીલચેર તુટી જતા આજે મહામંડળના સહયોગથી અન્ય નવી ચેરની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### વિકલાંગ મુસાફરોને પ્લેટફોર્મથી બોગી સુધી પહોંચવા વ્હીલચેર જરૂરી

બ્રહમાકુમારીઝના કૈલાસદીદીના હસ્તે વ્હીલચેર અર્પણ કરવામાં આવી હતી. આ તબક્કે મહામંડળના મયુર વ્યાસ ,બી એ શુકલ,સુધીર દેસાઈ,નિલેન્દુ વોરા, ચંન્દ્રકાન્ત જોષી, સીતારામ પટેલ નિતિન પટેલ,કીશોર જીકાદરા તેમજ શશીકાંત મોઢા સહીતના અગ્રણીઓ હાજર રહયા હતા. મહામંડળે આ તબક્કે રલવે સ્ટેશનના અધિકારીઓનો આભાર માન્યો હતો.

## તાલુકા પંચાયતોના કર્મચારીઓની અવર-જવરની નોંધ દર્શાવતુ રજીસ્ટર બનાવો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર તાલુકા પંચાયતના કર્મચારીઓની અવર-જવર માટેનું એક અલાયદુ રજીસ્ટર હવે તંત્ર દ્વારા નિભાવવામાં આવશે તેમજ તેનું મોનીટરીંગ હવે પદાધિકારીઓ કરશે તેવો પ્રસ્તાવ આજની સામાન્ય સભામાં પસાર કરવામાં આવ્યો છે.

તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાલુસિંહના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આજે વિકાસના કામો અંગે સભ્યોએ તીખી અને તીવ્ર લાગણી વ્યક્ત કરી હતી. કર્મચારીઓ દ્વારા બાઈ-બાઈ ચારણીની નીતિ અખત્યાર કરવામાં આવતી હોવાની લાગણી સભ્યોએ વ્યક્ત કરી કેટલાક ગંભીર આક્ષેપો પણ કર્યા હતા.

સભ્યોએ જણાવ્યું કે સભ્યો પોતે જાય ત્યારે પણ કર્મચારીઓ ગલ્લા તલ્લા કરતા હોય છે. આ પરિસ્થિતિ અસહ્ય છે. જો ચૂંટાયેલા સભ્યો સાથે જ આવુ વલણ દાખવવામાં આવતુ હોય તો સામાન્ય નાગરિકનું શું થતું હશે?

સભ્યોએ દરેક શાખાના દરેક કર્મચારીના કાર્યબોજ અંગે પણ સ્પષ્ટતા માંગી અને તેમની ફરજો બાબતે તેમને વાકેફ કરવામાં આવે તેવી તાલુકા વિકાસ અધિકારીને સૂચના આપવા ભલામણ કરી હતી.

વિકાસના કામો જે સૂચવવામાં આવે તેની વહીવટીય મંજૂરી, તકનીકી મંજૂરી અને કામની સ્થિતિ અંગેનું પણ અલાયદુ રજીસ્ટર નિભાવવામાં આવે તેવો પ્રસ્તાવ સામાન્ય સભાએ કર્યો હતો.

આજની આ બેઠકમાં સભ્યોએ વિકાસના કામો ઝડપથી અને તેની નિયત સમય મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા ટીમ બની તંત્ર કામ કરે તેવી લાગણી વ્યક્ત કરી હતી. આ બેઠકમાં સભ્યોએ વિકાસના કામોને લઈ ઝડપી અમલીકરણ અને સઘન મોનીટરીંગની પણ હિમાયત કરી હતી.

LED LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION | TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com